ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા

# કચ્છ યુનિવર્સિટી

મુન્દ્રા રોડ, ભૂજ-કચ્છ. ૩૭૦ ૦૦૧.
ફોન નં.(૦૨૮૩૨)૨૩૫૦૦૨, ૨૯૩૯૧૧
ફેક્સ નં.(૦૨૮૩૨) ૨૩૫૦૧૨
ઈમેઈલ-info@kskvkachchhuniversity.org
વેબ-kskvkachchhuniversity.org

રેફ. નં.: ક્યુ/E.C.-મિનિટ્સ/૦૮/ ૭૦૩૮-૪૭

તા. ૨૬/૮/'૦૮

પ્રતિશ્રી,
...શ્રી એક્ઝીક્યુટીવ...કાઉન્સીલના
...સર્વે સભ્યશ્રીઓ...તરફ...
.........................................

વિષય :– તા.૩૧/૭/'૦૮ નાં રોજ યુનિવર્સિટી કાર્યાલયે યોજાયેલ એક્ઝિક્યુટીવ કાઉનિસલની સભાની મિનિટ્સ નોંધ.

શ્રીમાન,

માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને તા.૩૧/૭/'૦૮ના રોજ એકઝીક્યુટીવ કાઉન્સિલની સભા યુનિવર્સિટી કાર્યાલય ખાતે ૧૧:૩૦ કલાકે યોજાયેલ. આ સભાની મિનિટ્સ નોંધ આ સાથે સામેલ રાખેલ છે જે ધ્યાને લેવા વિનંતી.

આભાર સહ,

આપનો વિશ્વાસુ,

કુલસચિવ

બિડાણ : મિનિટ્સ નોંધ.

**એક્ઝિક્યુટીવ કાઉન્સિલના સભ્યશ્રીઓની યુનિવર્સિટી કાર્યાલયે તા.૩૧/૭/'૦૮ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે મળેલ સભાની મિનિટ્સ નોંધ :**

આજ રોજ તા.૩૧/૭/'૦૮ નાં રોજ સવારે ૧૧:૩૦ કલાકે યુનિવર્સિટી કાર્યાલયના કોન્ફરન્સ હોલમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલની બેઠક માનનીય કુલપતિશ્રીના અધ્યક્ષ સ્થાને યોજાયેલ જેમાં નીચે મુજબના સભ્યશ્રીઓ હાજર રહેલ હતા. અધ્યક્ષશ્રીના અનુમોદનથી સૌ સભ્યશ્રીઓને આવકારી સભાની શરૂઆત કરવામાં આવી.

| સભ્યશ્રીનું નામ | હાજર / ગેરહાજર |
|---|---|
| ડૉ. કે. વી. ગોર,<br>કુલપતિશ્રી, કચ્છ યુનિવર્સિટી, ભૂજ. | હાજર |
| ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન ,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| ડાયરેકટર ઓફ ટેકનિકલ એજયુકેશન,<br>ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર રાજર |
| ડાયરેકટર ઓફ હેલ્થ એન્ડ મેડિકલ સર્વિસ એન્ડ મેડિકલ એજયુકેશન, ગુજરાત રાજય, ગાંધીનગર. | ગેર હાજર |
| શ્રી મુકેશભાઈ ઝવેરી,<br>મેનેજીંગ ટ્રસ્ટીશ્રી, કચ્છ વિદ્યા પ્રતિષ્ઠાન ટ્રસ્ટ, ભૂજ. | હાજર |
| શ્રી અનિરૂદ્ધભાઈ દવે,<br>સદસ્યશ્રી, માંડવી નગરપાલિકા. | હાજર |
| ડૉ. એચ.કે. કાકરાની,<br>આચાર્યશ્રી, તોલાણી ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મસી, આદિપુર. | હાજર |
| શ્રી પી.એમ. ભટ્ટ,<br>આચાર્યશ્રી, જે.બી. ઠકકર કોમર્સ કોલેજ, ભૂજ. | હાજર |
| શ્રી ચિન્મોય બેનર્જી,<br>ડાયરેકટરશ્રી, અંજાર એજયુકેશન સોસાયટી, અંજાર | હાજર |
| શ્રી મહેશભાઈ આહિર<br>પ્રમુખશ્રી, એન.એસ.યુ.આઈ., ભૂજ. | હાજર |
| શ્રી અનિલ એચ. ગોર (રજીસ્ટ્રારશ્રી, કચ્છ યુનિવર્સિટી)<br>મેમ્બર સેક્રેટરી | હાજર |

૧. **ગત્ મિનિટ્સનું વાંચન અને બહાલી :**

ગત મિનિટ્સનું વાંચન કરવામાં આવેલ અને સર્વાનુમતે મિનિટ્સ નોંધને બહાલી આપવામાં આવેલ.

૨. **પરીક્ષા નિયામકશ્રી, સોફ્ટવેર એન્જિનીયરની નિમણૂંકને લાંબાગાળા માટેની નિમણૂંક તરીકે બહાલી આપવા બાબત.**

(નોંધ: પરીક્ષા નિયામકશ્રી, સોફ્ટવેર એન્જિનીયરની નિમણૂંકને એક વર્ષનો અજમાયશી સમયગાળો પૂર્ણ થયેલ હોય તેમની નિમણૂંકને લાંબાગાળાની નિમણૂંક તરીકે લંબાવવા બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય.)

પરીક્ષા નિયામકશ્રી તથા સોફ્ટવેર એન્જિનીયરની નિમણૂંકને એક વર્ષથી ઉપરનો સમય વ્યથિત થઈ ગયેલ હોય તેમની નિમણૂંકને લાંબાગાળાની નિમણૂંક તરીકે ગણવા ચર્ચા વિચારણા થઈ અને સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

<u>ઠરાવ :૧</u> **આથી ઠરાવવામાં આવે છે કે પરીક્ષા નિયામકશ્રી તથા સોફ્ટવેર (સીસ્ટમ) એનિજનીયરની જગ્યાઓ ભરાયાના એક વર્ષથી વધુનો સમય પસાર થયેલ છે. નિમણૂંક હુકમ મુજબ એક વર્ષનો અજમાયશી સમયગાળા અન્ય યુનિવર્સિટીની જેમ આપવામાં આવેલ છે. ત્યારે આ જગ્યાઓને કાયમી કરવા માટે Legal opinion લેવામાં આવે.**

૩. **અધ્યાપકશ્રીઓના પગાર ધોરણનું રક્ષણ :**

(નોંધ : યુનિવર્સિટી દ્વારા અનુસ્નાતક ભવનો શરૂ થતાં રાજય સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ જગ્યાઓ પર પ્રોફેસર, રીડર, લેકચરરને નિમણૂંક આપવા સંબંધી કાર્યવાહી હાથ ધરાયેલ. જેમાં પ્રોફેસર તથા રીડરની જગ્યાઓ અનુભવ આધારિત હોય જે વ્યકિતઓ આ યુનિવર્સિટીમાં જોડાયેલ છે તેમનો પગાર, રક્ષણને પાત્ર થાય છે પરિણામે તેમના પગાર રક્ષણ બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય.)

પ્રોફેસર, રીડરની જગ્યાઓ ઉપર આ યુનિવર્સિટીમાં અધ્યાપક તરીકે જોડાયેલ વ્યકિતઓના પગાર રક્ષણ બાબતે વિસ્તૃત ચર્ચા વિચારણા હાથ ધરાઈ અને નીચે મુજબનો ઠરાવ સર્વાનુમતે કરવામાં આવેલ છે.

<u>ઠરાવ: ૨</u> **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે રાજય સરકારશ્રીના તથા યુનિવર્સિટીઓનાં નિયમો મુજબ જે વ્યકિત પ્રોફેસર, રીડર તરીકે આ યુનિવર્સિટીના અનુસ્નાતક ભવનમાં જોડાય ત્યારે અગાઉની તેમની સર્વિસ ધ્યાને લઈ નિયમોનુસારનું પગાર રક્ષણ કરવાનું થાય છે. જે અંગે યોગ્ય કાર્યવાહી કરવા અનુબોધન આપવામાં આવે છે.**

૪. **બાંધકામ સમિતિની તા.૨૯/૭/'૦૮ની બેઠકમાં લેવાયેલ નિર્ણય અન્વયે ચર્ચા વિચારણા અને નિર્ણય :**

(નોંધ : યુનિવર્સિટી કેમ્પસના બાંધકામની અધૂરાશો અને સુવિધાપૂર્ણ કેમ્પસ તૈયાર થાય તે હેતુથી તા.૨૯/૭/'૦૮ ના રોજ મળેલ બાંધકામ સમિતિની બેઠકમાં લેવાય નિર્ણયો પર ચર્ચા વિચારણા અને નિર્ણય)

શ્રી નરેશ નાગ્રેચાએ બાંધકામ સમિતિઓમાં થયેલ ચર્ચા અને લેવાયેલ નિર્ણયથી સૌ સભ્યશ્રીઓને વાકેફ કરેલ જે મુદાઓ પર ચર્ચા વિચારણા થઈ અને સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ : ૩** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી બાંધકામ સમિતિની મળેલ મિટીંગમાં જે નિર્ણયો લેવામાં આવેલ છે તેવા હાથ ધરવામાં આવેલ/ આવનાર તમામ કામોને બહાલી આપવામાં આવે છે.**

૫. **યુનિવર્સિટીમાં કામ કરતાં અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓને કામના વધારાના કલાકોનું મહેનતાણું મળવા બાબત :**

(નોંધ: યુનિવર્સિટીમાં હાલ ૧૮ જગ્યાઓ જ મંજૂર થયેલ છે. ખૂબ જ ઓછા સ્ટાફથી યુનિવર્સિટીની કામગીરી ચલાવવામાં આવે છે. હાલ યુનિવર્સિટીમાં કુલ ૩૪ કોલેજો સંલગ્ન છે. કામગીરીને પહોંચી વળવા કામ કાજના કલાકો ઉપરાંત વધારાના કલાકો તથા રજાઓના દિવસો દરમ્યાન કામ કરવામાં આવે છ. અન્ય યુનિવર્સિટીઓમાં સ્ટાફને પુરસ્કાર રૂપે અમુક રકમ ચૂકવવામાં આવે છે. તેજ રીતે જો આપણી યુનિવર્સિટીના સ્ટાફને પણ પુરસ્કાર રૂપે નકકી કરેલ રકમ ચૂકવવામાં આવે તો કર્મચારીઓ વધુ નિષ્ઠાપૂર્વક કામ કરે. પુરસ્કાર ચૂકવાય અને રકમ નકકી કરવા ચર્ચા વિચારણા અને નિર્ણય.)

યુનિવર્સિટીમાં કામ કરતાં અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓને કામના વધારાના કલાકોનું મહેનતાણું મળવા બાબતે ચર્ચા વિચારણા થઈ અને સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ: ૪** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે કામના વધારાના કલાકોનું મહેનતાણું ચૂકવવા બાબતે યોગ્ય નિર્ણય લેવાની સંપૂર્ણ સત્તા માનનીય કુલપતિશ્રીની રહેશે. તથા વર્ષ ૨૦૦૭–૦૮ થી ચૂકવણું કરવા મંજૂરી આપવામાં આવી.**

૬. **એકેડમિક કાઉન્સિલ દ્વારા "કોમ્પ્યુટર પ્રોગ્રામર" નામાભિધાન ધરાવતી જગ્યાને અધ્યાપક સંવર્ગમાં ગણના થાય તે માટે ઠરાવ કરવામાં આવેલ તેના અનુસંધાને ચર્ચા વિચારણા અને નિર્ણય:**

આ મુદે ચર્ચા વિચારણા થઈ અને સર્વાનુમતે નીચે મુજબ ઠરાવવામાં આવ્યું.

**ઠરાવ : ૫** **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે, એકેડેમિક કાઉન્સિલની તા.૩/૭/'૦૮ ની મિટીંગમાં સર્વાનુમતે કોમ્પ્યુટર પ્રોગ્રામરને શિક્ષક તરીકે સમાવવા બાબતે થયેલ ઠરાવ અન્વયે આ યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં "કોમ્પ્યુટર પ્રોગ્રામર" નામાભિધાન તરીકે કામ કરતા શૈક્ષણિક કર્મચારીઓને "શિક્ષક" ની વ્યાખ્યામાં સમાવેશ કરવામાં આવે છે અને તેઓના નામો સંબંધિત ફેકલ્ટીની શિક્ષક મતદાર યાદીમાં સમાવેશ કરવામાં આવે. પરંતુ "શિક્ષક" તરીકેના અધિકારો, પગાર ધોરણ વગેરે માટે રાજય સરકારશ્રીના નિર્ણયો અસરકરતા રહેશે.**

અધ્યક્ષ સ્થાનેથી નીચે મુજબના મુદાઓ રજૂ કરવામાં આવેલ.

૭. **" કચ્છ ક્રાંતિ" નો સ્વર્ણિમ ગુજરાત વિશેષાંક બહાર પાડવા બાબત :**

યુનિવર્સિટી દ્વારા પોતાનું મુખપત્ર "કચ્છ ક્રાંતિ" પ્રકાશિત થતું રહે છે. ગુજરાત રાજયના ૫૦ વર્ષની ઉજવણી નિમીતે "કચ્છ ક્રાંતિ" નો વિશેષાંક બહાર પાડીએ જેમા કચ્છની સંસ્કૃતિ, કચ્છનું શિક્ષણ, કોલેજોનો ઈતિહાસ વગેરે બાબતોને આવરી લેતું એક દમદાર અંક "સ્વર્ણિમ ગુજરાત વિશેષાંક" બહાર પાડવા ચર્ચા વિચારણા થયેલ જેમાં સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ કરવામાં આવ્યો.

**ઠરાવ :– ૬** **આથી ઠરાવવામાં આવે છે કે "કચ્છ ક્રાંતિ" નો સ્વર્ણિમ ગુજરાત વિશેષાંક બહાર પાડવો જે માટે નીચે મુજબની વ્યવસ્થાપન સમિતિ રહેશે.**

**વ્યવસ્થાપન સમિતિ :**

૧.	માનનીય કુલપતિશ્રી (અધ્યક્ષશ્રી)
૨.	શ્રી પી.એમ. ભટ્ટ (સભ્યશ્રી)
૩.	શ્રી અનિરૂધ્ધભાઈ દવે (સભ્યશ્રી)

આ વ્યવસ્થાપન સમિતિને આ અંક તૈયાર કરવા બાબતે સંપૂર્ણ સત્તા સોંપવામાં આવે છે જેમાં તેઓ કોઈ પણ સભ્યોને Co opt કરી શકાશે કે આ કાર્ય માટે કોઈ પણ સમિતિઓ બનાવી શકશે. આ અંક તૈયાર કરવા માટે થનાર ખર્ચની પણ મંજરી આપવામાં આવે છે. આ અંક તૈયાર થાય તેની સાથે યુનિવર્સિટીનું Browser પણ તૈયાર કરવામાં આવે જે ધ્યાનાકર્ષક બને તે માટે થતા ખર્ચની પણ મંજૂરી આપવામાં આવે છે.

**૮.	યુનિવર્સિટી દ્વારા અપાતી જાહેરાતો નામાની મારફત આપવા બાબત :**

યુનિવર્સિટીએ મહેકમને લગતી, સ્ટેશનરી, વિદ્યાર્થીઓને લગતી માહિતી, પ્રવેશ વગેરેની માહિતીઓ વિદ્યાર્થીઓ તથા સંબંધિતોને પહોંચાડવા વર્તમાનપત્રોમાં જાહેરાત આપવી પડે છે. આ જાહેરાતો આપવા બાબતે ચર્ચા વિચારણા થયેલ અને નીચે મુજબનો નિર્ણય સર્વાનુમતે લેવાયેલ.

**<u>ઠરાવ : ૭</u>	આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટીએ બની શકે ત્યાં સુધી તેની જાહેરાતો / જાહેરખબરો નામાની મારફત મોકલવી.**

**૯.	યુનિવર્સિટીમાં શરૂઆતથી હંગામી ધોરણે ભરતી થયેલ ત્યાર પછી રાજય સરકારશ્રી દ્વારા મહેકમ મંજૂર થતાં જે નિમણૂંકો થઈ તેમની આગળની હંગામી નોકરી ગણવા બાબત:**

યુનિવર્સિટીની શરૂઆતથી હંગામી ધોરણે ફરજ બજાવતા તે કર્મચારીને જો મંજૂર થયેલ જગ્યા ઉપર પાંચ વર્ષ ફીક્ષ પગારે યુનિવર્સિટીમાં જ હંગામી ધોરણે બજાવેલ ફરજનો સમયગાળો આ પાંચ વર્ષમાં ગણાય કે નહી તે બાબતે વિસ્તૃતચર્ચા થયેલ અને નીચે મુજબ નિર્ણય લેવાયેલ.

**<u>ઠરાવ : ૮</u>	આથી સર્વાનુમતે ઠરાવવવામાં આવે છે કે જે કર્મચારીને મંજૂર થયેલ જગ્યા ઉપર જે તારીખે નિમણૂંક આપવામાં આવી હોય તે તારીખથી પાંચ વર્ષ સુધીના સમયગાળામાં અગાઉની હંગામી ધોરણે કરેલ નોકરીનો સમયગાળો ગણતરીમાં લઈ શકાય નહી.**

**૧૦.	યુનિવર્સિટીમાં બાંધકામ સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણયને બહાલી આપવા બાબત:**

તા.૧૦/૪/'૦૮ ની સભામાં બનાવાયેલ બાંધકામ સમિતિની બે બેઠકો તા.૧૦/૪/'૦૮ અને તા.૧૬/૬/'૦૮ નાં રોજ મળેલ. તેમાં લેવાયેલ નિર્ણયો અને કરાયેલ ભલામણ બાબતે યુનિવર્સિટીના એન્જિનીયરશ્રી નાગ્રેચાએ વિસ્તૃત માહિતી દ્વારા સૌ સભ્યશ્રીઓને યુનિવર્સિટી કેમ્પસ પર ચાલી રહેલ બાધંકામ પ્રવૃત્તિઓથી વાકેફ કર્યા હતા. ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ સર્વાનુમતે નિર્ણય લેવાયેલ.

**<u>ઠરાવ : ૯</u>	આથી સર્વાનુમતે ઠરાવવામાં આ વે છે કે યુનિવર્સિટી બાંધકામ સમિતિ દ્વારા લેવાયેલ નિર્ણય અને આર. એન્ડ બી., ભૂજે કરેલ ભલામણને બહાલ રાખવામાં આવે છે અને યુનિવર્સિટીના હિતમાં જે કાર્યવાહી તાત્કાલિક હાથ ધરવાની થાય છે તેમાં કરવા પડતાં ખર્ચને પણ સૈધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે.**

**૧૧.	યુનિવર્સિટી કેમ્પસના શરૂઆતના ભાગમાં Land Scaping કરવા બાબતે ચર્ચા વિચારણા અને નિર્ણય :**

યુનિવર્સિટીના કેમ્પસ ઉપર વૃક્ષ– છોડ જોઈએ તેટલા પ્રમાણમાં જણાતા નથી. એન્ટરન્સ ગેટની અંદરના શરૂઆતના વિસ્તારમાં Land Scaping કરવા માટે ચર્ચા વિચારણાને અંતે નીચે મુજબ નિર્ણય લેવાયેલ.

ઠરાવ : ૧૦ **આથી સર્વાનુમતે ઠરાવવામાં આવે છે કે યુનિવર્સિટી કેમ્પસ અદ્યતન, ધ્યાનાકર્ષક લાગે તે માટે યુનિવર્સિટી કેમ્પસના શરૂઆતના ભાગમાં Land Scaping કરાવવું અને તે પાછળ જે ખર્ચ થાય તે કરવાની સૌધ્ધાંતિક મંજૂરી આપવામાં આવે છે અને તેની સત્તા યુનિવર્સિટી બાંધકામ સમિતિને આપવામાં આવે છે.**

અન્ય કોઈ મુદ્દો ઉપસ્થિત ન થતાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભા સમાપ્ત કરવામાં આવી.

(અનિલ ગોર)
કુલસચિવ
કે.એસ.કે.વી.
કચ્છ યુનિવર્સિટી
ભુજ - કચ્છ.